# ડિબી ઑનલાઇન બેંકિંગ - નિયમો અને શરતો

## સામાન્ય

- ગ્રાહક સ્વીકારે છે કે તેણે આ શરતો વાંચી છે, તેની સમીક્ષા કરી છે અને સમજી છે. ઈન્ટરનેટ બેંકિંગ સર્વિસીસ એપ્લિકેશન ફોર્મ પર સહી કરીને અથવા યુઝરનેમ અને/ અથવા પાસવર્ડની પ્રાપ્તિ સ્વીકારીને, ગ્રાહકે આ શરતો બિનશરતી અને અફર રીતે સ્વીકારી છે. આ શરતો સેવાઓનો લાભ લેવા માટે ગ્રાહક અને બેંક વચ્ચે કરારની રચના કરશે અને આગળ, બેંકના સામાન્ય નિયમો અને શરતો અને બેંક અન્ય સેવા પ્રદાતાઓ સાથે સંમત થઈ શકે તેવી અન્ય શરતોને આધીન રહેશે.
- ગ્રાહક સ્વીકારે છે કે ઈન્ટરનેટ બેંકિંગ સેવાઓ, બેંક દ્વારા ગ્રાહકને તેની વિવેકબુદ્ધિથી અને માત્ર ગ્રાહકની સુવિધા તરીકે પૂરી પાડવામાં આવે છે. ગ્રાહક પોતાના જોખમે સેવાઓનો લાભ લઈ શકે છે.
- વધુમાં, ગ્રાહક સ્વીકારે છે કે ગ્રાહકને જે ખાતા અથવા સેવાઓ પ્રદાન કરવામાં આવે છે, તે કોઈપણ સંજોગોમાં કોઈપણ તૃતીય પક્ષને સોંપવા યોગ્ય/ તબદીલીપાત્ર નથી અને તેનો ઉપયોગ ગ્રાહક અથવા તેના અધિકૃત પ્રતિનિધિ દ્વારા જ કરવામાં આવશે.
- કલામોના શીર્ષક સગવડ માટે છે અને સંબંધિત કલમના અર્થને અસર કરતા નથી.
- જો કોઈપણ જોગવાઈ, સક્ષમ અધિકારક્ષેત્રની કોઈપણ અદાલત દ્વારા ગેરકાયદેસર, રદબાતલ અથવા બિનઅસરકારક માનવામાં આવશે, તો આવી જોગવાઈ અહીંથી કાઢી નાખવામાં આવશે અને બાકીના નિયમો અને શરતો સંપૂર્ણ પ્રભાવ અને અસર સાથે ચાલુ રહેશે. અહીં પુરૂષવાચી લિંગના સંદર્ભમાં સ્ત્રીલિંગનો પણ સમાવેશ થાય છે.

## વ્યાખ્યાઓ

- આ શબ્દોમાં, મોટા અક્ષરોમાં લખેલા બધા શબ્દો અને વાક્યોનો અર્થ અહીં દર્શાવેલ છે, સિવાય કે અન્યથા સૂચવવામાં આવે:
- ખાતામાં, બેંકમાં એકલ અને/ અથવા સંયુક્ત રીતે ધારણ કરેલ, સંચાલિત કરેલ અને/ અથવા ટ્રાન્ઝેક્શન કરવામાં આવેલ તમામ વર્તમાન, નવા અને ભાવિ (કોઈપણ બદલાયેલ અથવા ફેરફાર કરેલ સ્વરૂપ સહિત પણ મર્યાદિત નથી) ખાતા(ઓ), (કોઈપણ સ્વરૂપમાં, સામાન્ય બેંકિંગ અને કોઈપણ પ્રકારના બેંકિંગ અથવા નાણાકીય સંબંધો સહિત, પરંતુ તેના સુધી મર્યાદિત નથી)નો સમાવેશ થાય છે.
- બેંક એટલે ડોઇશ બેંક લિમિટેડ અને ભારતમાં તેની શાખાઓ, જેમાં બેંકે પોતે આવી કોઈપણ વ્યક્તિ અથવા સંગઠન અહીંથી બાકાત કર્યા હોય, તે સિવાયના તેના અધિકારીઓ, કર્મચારીઓ, એજન્ટો, કોન્ટ્રાક્ટરો, સલાહકારો, પ્રતિનિધિઓ, અનુગામીઓ, કન્ટેન્ટ પ્રોવાઇડર અને એવી કોઈપણ વ્યક્તિઓ અથવા સંસ્થાઓ, જેઓ કોઈપણ ખાતાઓ અથવા સેવાઓની પ્રાપ્તિ અથવા બેંકની કોઈપણ અન્ય કામગીરીના સંબંધમાં કોઈપણ હેતુ માટે બેંક સાથે જોડાયેલા અથવા સંકળાયેલા છે.
- બિઝનેસ આર્સ એટલે એ સમય જયારે બેંક ગ્રાહકો માટે ખુલ્લી છે અને સમય સમય પર સૂચિત કર્યા મુજબ, બેંકની દરેક શાખા માટે કામકાજના કલાકો બદલાઈ શકે છે.
- ચાર્જીસ એટલે બેંક દ્વારા અથવા સમયાંતરે સંશોધિત કરાયેલા કોઈપણ કાયદા હેઠળ ગ્રાહક પાસે કોઈપણ ખાતા અને/અથવા સેવાઓના સંદર્ભમાં દ્વારા વસૂલવામાં આવતા તમામ શુલ્ક, ફી, વ્યાજ અને ખર્ચ અને આમાં સેવા કરનો પણ સમાવેશ થાય છે.
- કેસ્ટમર એટલે નીચેના વ્યક્તિ અથવા વ્યક્તિઓ :

— જેમના નામે બેંકમાં ખાતા(ઓ) અસ્તિત્વમાં છે, જે હમણાં ખોલવામાં આવ્યા છે/ ભવિષ્યમાં કોઈપણ સમયે ખોલવામાં (બદલી) થઈ શકે છે;
— જેમને બેંકની સંપૂર્ણ વિવેકબુદ્ધિથી સેવાઓ પ્રદાન કરાવવામાં આવે છે;
— કાર્ડધારક, જ્યાં પણ લાગુ પડતું હોય, અને તેમાં એકવચન અને બહુવચન બંનેનો સમાવેશ થાય છે, અને સંયુક્ત ખાતાધારકોના સંદર્ભમાં, વ્યક્તિગત અને સામૂહિકનો સમાવેશ થાય છે.

— ઈન્ટરનેટ એ કોમ્પ્યુટર અને અન્ય ઈલેક્ટ્રોનિક ઉપકરણોના નેટવર્ક છે, જે માહિતીનું આદાન-પ્રદાન કરે છે અને તે એક જ સમયે તેની વિશ્વવ્યાપી પ્રસારણ ક્ષમતા સાથે, ભૌગોલિક સ્થાનને ધ્યાનમાં લીધા વિના, માહિતીના પ્રસાર માટેનું એક મિકેનિઝમ, વ્યક્તિઓ અને તેમના કમ્પ્યુટર્સ વચ્ચે સહયોગ અને ક્રિયાપ્રતિક્રિયા માટેનું માધ્યમ છે.
— ઇન્સ્ટ્રક્શન ગ્રાહક દ્વારા કોઈપણ સેવાના સંદર્ભમાં આપવામાં આવેલ કોઈપણ સૂચના અથવા આદેશ.
— ઈન્ટરનેટ બેંકિંગ સેવા અથવા સેવાઓ એટલે બેંક દ્વારા, તેની સંપૂર્ણ વિવેકબુદ્ધિથી, ઈન્ટરનેટ દ્વારા વિવિધ ટ્રાન્ઝેકેશન કરવા અથવા ઈન્ટરનેટ પર માહિતી મેળવવાની સુવિધા જેમાં ખાતાની બેલેન્સ વિશે પૂછપરછ, ખાતા(ઓ)માં થયેલા ટ્રાન્ઝેક્શન વિગતો, ખાતાનું સ્ટેટમેન્ટ, ફંડ ટ્રાન્સફર અને બેંક દ્વારા સમયાંતરે પ્રદાન કરવામાં આવતી અન્ય કોઈપણ સેવાઓનો સમાવેશ થાય છે. કોઈ ચોક્કસ સેવાની ઉપલબ્ધતા/ બિન-ઉપલબ્ધતા વિશે ગ્રાહકને ઈ-મેલ, બેંકના વેબ પેજ દ્વારા અથવા બેંક દ્વારા યોગ્ય માનવામાં આવે તે રીતે લેખિતમાં જણાવવામાં આવશે. આવી ઈન્ટરનેટ બેંકિંગ સેવાઓ બેંક દ્વારા સીધી અથવા તેના સહયોગીઓ અથવા કોન્ટ્રાક્ટ પર નિમણુંક કરાયેલ સેવા પ્રદાતાઓ દ્વારા પૂરી પાડવામાં આવી શકે છે.
— પાસવર્ડ એટલે બેંક દ્વારા ગ્રાહકને ફાળવેલ અને/ અથવા ગ્રાહક દ્વારા પસંદ કરાયેલ અને/ અથવા ગ્રાહક દ્વારા તેની પસંદગી મુજબ બદલાયેલ કોઈપણ રેન્ડમ રીતે જનરેટ થયેલ ગુપ્ત અને ગોપનીય કોડ, જેનો ઉપયોગ, ખાતાનું સંચાલન કરવા અને/ અથવા ઈન્ટરનેટ બેંકિંગ દ્વારા વિશિષ્ટ સેવાઓ મેળવવા માટે કરવામાં આવે છે.
— RBI એટલે ભારતીય રિઝર્વ બેંક.
— ટેકનિકલ સ્નેગ્સમાં જાળવણી સંબંધિત નિયમિત જરૂરિયાતો, વધારાની માંગ, પાવર અને ઈલેક્ટ્રીસીટી ફેલિયર, કોમ્પ્યુટરની ભૂલો, પ્રોગ્રામિંગ ભૂલો, સોફ્ટવેર અથવા હાર્ડવેરની ભૂલો, કોમ્પ્યુટર બગડી જવું, ઈન્ટરનેટ અથવા નેટવર્ક ફેલિયર, પાવર ફેલિયર, ટેલિકોમ્યુનિકેશન નેટવર્કમાં ખામીઓ, ઈન્ટરનેટ કનેક્શનની અનુપલબ્ધતા, બેંકના સર્વર અને ગ્રાહકના કોમ્પ્યુટર નેટવર્ક વચ્ચે સંચારની સમસ્યાઓ, બેંકનું સર્વર અથવા વેબસાઈટ બંધ થઈ જવી, કોમ્યુનિકેશન લિંક્સનીની અનુપલબ્ધતા, કોમ્પ્યુટર સોફ્ટવેરમાં કરપશન, સેવા પ્રદાતાઓના ઈન્ફ્રાસ્ટ્રક્ચર અને ટેલિકોમ્યુનિકેશન નેટવર્કમાં ખામી અને ટેક્નોલોજી સંબંધિત કોઈપણ અન્ય ખામીઓને કારણે ઉદ્ભવતી કોઈપણ સમસ્યાઓ અને મુશ્કેલીઓ સહીત કુદરતી આફત, પૂર, આગ અને અન્ય કુદરતી આફતો, મજૂર વિવાદો, કાનૂની પ્રતિબંધો અથવા બેંકના નિયંત્રણની બહારની અન્ય કોઈ સમસ્યા અથવા મુશ્કેલીઓનો સમાવેશ થાય છે પરંતુ આ સુધી જ મર્યાદિત નથી.
— યુઝરનેમ અથવા યુઝર આઈડી એટલે એક આઇડેન્ટિફિકેશન કોડ, જે બેંક અને/ અથવા ગ્રાહક દ્વારા ખાતું સંચાલિત કરવા માટે અને/ અથવા ઇન્ટરનેટ બેંકિંગ દ્વારા નિર્દિષ્ટ સેવાઓ મેળવવા માટે પસંદ કરવામાં આવે છે. વેબસાઈટનો અર્થ બેંકની માલિકીની, બેંક દ્વારા બનાવવામાં અને સંચાલિત કરવામાં આવતી વેબસાઈટ છે.

## ક્યાં લાગુ પડે છે?

— આ નિયમો અને શરતો, બેંક દ્વારા તેના ગ્રાહકોને પ્રદાન કરવામાં આવતી તમામ ઈન્ટરનેટ બેંકિંગ સેવાઓ પર લાગુ પડે છે.

— ગ્રાહક સ્વીકારે છે કે ગ્રાહકની પૂર્વ સંમતિ વિના, બેંક, તેની સંપૂર્ણ વિવેકબુદ્ધિથી, તેને યોગ્ય લાગે તેમ ઇન્ટરનેટ બેંકિંગ સેવામાં બેંકિંગ ઉત્પાદનો અથવા સેવાઓ ઉમેરી શકે છે અથવા ઇન્ટરનેટ બેંકિંગ સેવા દ્વારા પ્રદાન કરવામાં આવતા અમુક બેંકિંગ ઉત્પાદનો અને સેવાઓને બંધ કરી શકે છે.

— વધુમાં, ગ્રાહક સ્વીકારે છે કે ઈન્ટરનેટ બેન્કિંગ સેવાઓ દ્વારા અથવા ઈન્ટરનેટ બેન્કિંગ સેવાઓ (યુઝરનેમ અને પાસવર્ડ(ઓ) સહિત)ના ઉપયોગ માટે પૂરી પાડવામાં આવેલ કોઈપણ અને તમામ માહિતી, બેંકની માલિકીની રહે છે. તદનુસાર, ગ્રાહક સ્વીકારે છે અને પુષ્ટિ કરે છે કે બેંક, તેની સંપૂર્ણ વિવેકબુદ્ધિથી, ઇન્ટરનેટ બેંકિંગ સેવાઓનો ઉપયોગ કરવાના હેતુઓ માટે બેંક દ્વારા પ્રદાન કરવામાં આવતી ઇન્ટરનેટ બેંકિંગ સેવાઓને પ્રતિબંધિત કરી શકે છે અથવા યુઝરનેમ, પાસવર્ડ(ઓ) અને/ અથવા અન્ય કોઈપણ સેવાઓ, પ્રમાણીકરણ પદ્ધતિઓ/ ઉપકરણોનો ઉપયોગ પાછો ખેંચી શકે છે.

## ટ્રાન્ઝેક્શનનો રેકોર્ડ

ગ્રાહક સંમત થાય છે અને સ્વીકારે છે કે ઈન્ટરનેટ બેંકિંગ સેવાઓના સંબંધમાં બેંકનો પોતાનો રેકોર્ડ, તેની કોમ્પ્યુટર સિસ્ટમ દ્વારા જાળવવામાં આવે છે અથવા અન્યથા બેંક દ્વારા અંતિમ તરીકે સ્વીકારવામાં આવે છે અને તે બેંક અને ગ્રાહકને તમામ હેતુઓ માટે બંધનકર્તા રહેશે અને ગ્રાહક બેંકના આવા રેકોર્ડને કોઈ વિચલન કે વિરોધ વગર સ્વીકારવાની બાંયધરી અને સમંતિ આપે છે. ઈન્ટરનેટનીઅમુક સહજ વિશેષતાઓને લીધે, ગ્રાહ,ક ઈન્ટરનેટ પર ગ્રાહકને પ્રભાવિત કરવાનો પ્રયાસ કરવામાં આવેલ ટ્રાન્ઝેક્શન પ્રિન્ટ કાઢી શકશે. જો કે, બેંક દ્વારા જાળવવામાં આવેલ રેકોર્ડ જ પ્રચલિત રહેશે. ગ્રાહક, ઈન્ટરનેટ પર વિનંતી કરવા પર બેંક દ્વારા કરવામાં આવેલ કે ન કરવામાં આવેલ કોઈપણ ટ્રાન્ઝેક્શન વિરુદ્ધ તકરાર ઉભી ન કરવા માટે સંમત થાય છે.

## પાસવર્ડ(ઓ)/ એક્સેસ

— ગ્રાહકને કોઈપણ ઈન્ટરનેટ બેંકિંગ સેવાઓનો લાભ લેવા માટે બેંક દ્વારા પાસવર્ડ(ઓ) ફાળવવામાં આવશે. ગ્રાહકને તે ટેમ્પર પ્રૂફ સીલબંધ કવર ("મેઇલર") માં મોકલવામાં આવશે. ગ્રાહકે સુનિશ્ચિત કરવું જોઈએ કે આ કવર કોઈપણ ચેડા વિના પ્રાપ્ત થાય છે, અને જો નહીં, તો ગ્રાહકે તરત જ બેંકને લેખિતમાં અથવા ફોન દ્વારા જાણ કરવાની રહેશે.

— જો એક સાથે પાંચ વખત (અથવા બેંક દ્વારા સમયાંતરે નક્કી કરવામાં આવેલા પ્રયત્નોની સંખ્યા) ખોટો પાસવર્ડ દાખલ કરવામાં આવશે, તો ગ્રાહકની ઈન્ટરનેટ બેંકિંગ સેવાઓ બેંકિંગની ઍક્સેસ અક્ષમ થઈ જશે. આવી ઘટનામાં, બેંક ચોક્કસ અંતરાલ પછી આપમેળે ઍક્સેસને ફરીથી સક્રિય કરી શકે છે.

— બેંક દ્વારા નિર્દિષ્ટ કર્યા મુજબ સતત સમયગાળા માટે ગ્રાહક દ્વારા સેવાઓનો ઉપયોગ ન કરવામાં આવે, તો બેંક યુઝરનેમ/પાસવર્ડને અક્ષમ કરવાનું નક્કી કરી શકે છે. ગ્રાહક આવા ઍક્સેસને થોડા સમય માટે અક્ષમ કરવાની પણ વિનંતી કરી શકે છે. ઈન્ટરનેટ બેંકિંગ સેવાઓની ઍક્સેસ પુનઃસક્રિય કરવા માટે, ગ્રાહકે બેંકને પત્ર, ફોન અથવા બેંક દ્વારા નિર્ધારિત અન્ય માધ્યમ દ્વારા જાણ કરવાની રહેશે અને આમાં, બેંક દ્વારા જરૂરી અથવા નિર્ધારિત વિગતો આપવાની રહેશે અને આ રીતે મોકલવામાં આવેલી માહિતી સચોટ હોવી જોઈએ.

— અમે કોઈપણ ખોટા ટ્રાન્ઝેક્શન અને તમારા દ્વારા પાસવર્ડની વિગતોની વિચાર વિના જાહેરાત માટે પણ જવાબદાર હોઈશું નહીં. નેટ પર ઉપલબ્ધ વ્યૂઇંગ વિકલ્પ અને ટ્રાન્ઝેક્શન વિકલ્પ અલગ-અલગ છે. તમે સમજદારીથી વિકલ્પ પસંદ કરી શકો છો.

## પાસવર્ડની સુરક્ષા અને ગોપનીયતા

— ગ્રાહક સંમત થાય છે અને સ્વીકારે છે કે તે તેના ખાતાની વિગતો અને પાસવર્ડ(ઓ)ની ગોપનીયતા જાળવવા માટે તે સંપૂર્ણપણે જવાબદાર રહેશે. ગ્રાહકે ઈન્ટરનેટ બેંકિંગ સેવાઓના તેના ઉપયોગની સુરક્ષાને સુરક્ષિત રાખવા

માટે, માર્ગદર્શિકામાં નિર્ધારિત કરવામાં અથવા ગ્રાહકને સમયાંતરે સૂચિત કરવામાં આવેલ કોઈપણ અન્ય આવશ્યકતાઓ પુરી કરશે.

— ગ્રાહક ઇન્ટરનેટ દ્વારા ઍક્સેસ કરવા અને સૂચનાઓ આપવા માટે સક્ષમ છે, તેની ખાતરી કરવા માટે તેણે હંમેશા નીચેની સુરક્ષા પ્રક્રિયાઓનું પાલન કરવું આવશ્યક છે:
  - ગ્રાહકે તેનો પાસવર્ડ નિયમિતપણે અથવા જો બેંક દ્વારા સૂચિત કરવામાં આવે તો બદલવો જોઈએ;
  - ગ્રાહકે પહેલા ઉપયોગ કર્યો હોય તેવો અથવા અનુમાન લગાવવામાં સરળ હોય તેવો પાસવર્ડ ન રાખવો જોઈએ;
  - ગ્રાહકે હંમેશા તેનું પાસવર્ડ(ઓ) સુરક્ષિત રાખવું જોઈએ અને તેના પાસવર્ડની કોઈપણ વિગતો અન્ય કોઈને (સંયુક્ત ખાતા ધારક અથવા બેંક સ્ટાફના સભ્ય સહિત) જાહેર કરવો જોઈએ નહીં;
  - ગ્રાહકે પાસવર્ડ એવી રીતે રેકોર્ડ ન કરવા જોઈએ કે જેને કોઈપણ અન્ય વ્યક્તિ સરળતાથી વાંચી શકે અથવા તેના માટે સુલભ હોય;
  - સામાન્ય રીતે ગ્રાહકે પાસવર્ડ્સ યાદ રાખવા જોઈએ અને પછી તેનો કોઈપણ રેકોર્ડ નાશ કરવો જોઈએ;
  - ગ્રાહકે કોઈને પણ તેના વતી ઈન્ટરનેટ બેન્કિંગ સેવાઓનો ઉપયોગ કરવાની મંજૂરી આપવી જોઈએ નહીં;
  - ગ્રાહક ઈન્ટરનેટ પર લોગીન હોય ત્યારે કોઈપણ સિસ્ટમ એમનેમ છોડવી જોઈએ અને જ્યારે પણ તે આવી સિસ્ટમથી દૂર જાય, ત્યારે તેણે ઈન્ટરનેટમાંથી લોગઆઉટ કરવું જોઈએ;
  - ગ્રાહકે કોઈ પણ ઉપકરણ અથવા લોકલ એરિયા નેટવર્ક (અથવા LAN) સાથે જોડાયેલા ઉપકરણ, જેમ કે ઓફિસમાંથી ઈન્ટરનેટ બેંકિંગ સેવાઓનો ઉપયોગ કરવો જોઈએ નહીં અને કરે તો ખાતરી કરવી જોઈએ કે અન્ય કોઈ તેના પાસવર્ડ(ઓ)ને જોઈ અથવા નકલ નથી કરી રહ્યા. ઉપરોક્ત સુરક્ષા પ્રક્રિયાઓનું પાલન કરવામાં તેની નિષ્ફળતાને કારણે જો બેંકને કોઈ નુકસાન થયું હોય તો ગ્રાહક બેંકને નુકસાન ભરપાઈ કરશે.

— જો ગ્રાહકને ખબર પડે અથવા શંકા જાય કે તેનો પાસવર્ડ અથવા તેનો કોઈ ભાગ અન્ય કોઈને ખબર છે અથવા ખોવાઈ ગયું છે અથવા ચોરાઈ ગયું છે, તો તેણે તરત જ ઇન્ટરનેટ દ્વારા પાસવર્ડ જાતે બદલવો જોઈએ. જો આ શક્ય ન હોય તો, ગ્રાહકે કામકાજના કલાકો દરમિયાન અથવા ફોન દ્વારા બેંકની શાખામાં તરત જ બેંકને લેખિતમાં જાણ કરવી જોઈએ. જ્યાં સુધી નવો પાસવર્ડ સેટ કરવામાં ન આવે ત્યાં સુધી બેંક, ઈન્ટરનેટ બેંકિંગ સેવાઓનો ઉપયોગ સ્થગિત કરી શકે છે. આવી સૂચના પહેલા કરવામાં આવેલ કોઈપણ ટ્રાન્ઝેક્શનની જવાબદારી સંપૂર્ણપણે ગ્રાહકની રહેશે.

— આવા નુકસાન અથવા ચોરી અથવા ગ્રાહક દ્વારા આવી ઘટનાની બેંકને જાણ કરવામાં નિષ્ફળતાના પરિણામે પ્રત્યક્ષ અથવા પરોક્ષ રીતે ઉદ્ભવતા કોઈપણ નુકસાન અને/ અથવા હાનિ માટે બેંક જવાબદાર રહેશે નહીં.

## ગ્રાહકની જવાબદારી/ બેંકના અધિકારો

ઈન્ટરનેટ બેંકિંગ સેવાઓની સુરક્ષા સુનિશ્ચિત કરવા અને અનધિકૃત ઍક્સેસને રોકવા માટે બેંક તેને યોગ્ય લાગે તેવી ટેક્નોલોજી લાગુ કરી શકે છે. બેંક શ્રેષ્ઠ ટેક્નોલોજીનો ઉપયોગ કરવાનો પ્રયાસ કરશે, પરંતુ ગ્રાહક સ્વીકારે છે કે ટેક્નોલોજીની પ્રકૃતિને કારણે, સિસ્ટમને હંમેશા ફૂલપ્રૂફ અને ટેમ્પરપ્રૂફ રાખવી શક્ય નથી.

— અમારી બેંક તમારા ખાતા/ પિન/ પાસવર્ડની વિગતો માંગતી નથી. તેથી બેંક/ ટેક્નિકલ ટીમ બનીને તમારી પાસેથી માહિતી માંગવાનો ઢોંગ કરનાર કોઈપણ છેતરપિંડી કરનાર સંસ્થાઓ હોઈ શકે છે, તેથી કૃપા કરીને

સાવચેત રહો. તમારે નેટ ટ્રાન્ઝેક્શન કેવી રીતે કરવું, તે જાણવું જોઈએ અને જો તમને ખબર ન હોય, તો તમારે આમ કરવું ન જોઈએ. તમે આ અંગે બેંકનું માર્ગદર્શન મેળવી શકો છો. ઓનલાઈન ટ્રાન્ઝેક્શનમાં છેતરપિંડી માટે બેંક જવાબદાર નથી.

— અમે કોઈપણ ખોટા ટ્રાન્ઝેક્શન અને તમારા દ્વારા પાસવર્ડની વિગતોની વિચાર વિના જાહેરાત માટે પણ જવાબદાર હોઈશું નહીં. નેટ પર ઉપલબ્ધ વ્યૂઇંગ વિકલ્પ અને ટ્રાન્ઝેક્શન વિકલ્પ અલગ-અલગ છે. તમે સમજદારીથી વિકલ્પ પસંદ કરી શકો છો.
— ગ્રાહક સ્વીકારે છે અને બિનશરતી રીતે માને છે અને સંમત થાય છે કે જો ગ્રાહકને ટેકનિકલ ખામીના પરિણામે અથવા બેંક દ્વારા તેના બેંક ખાતા/ઓ અંગેની કોઈપણ માહિતી, કોઈપણ વ્યક્તિ અથવા પાસવર્ડનો ઉપયોગ કરીને ઈન્ટરનેટ બેંકિંગ સેવાઓ દ્વારા પ્રાપ્ત થયેલ ટ્રાન્ઝેક્શન અથવા સૂચનાઓનું પાલન કરવાથી થતા પરિણામે નુકસાન થાય તો બેંકને કોઈપણ રીતે જવાબદાર ઠરાવવામાં આવશે નહીં. જો ગ્રાહક સુરક્ષા અને ગોપનીયતાની આવશ્યકતાઓનું પાલન કરવામાં નિષ્ફળ જાય તો તે અનધિકૃત ઉપયોગ માટે જવાબદાર રહેશે. બેંક કોઈપણ સંજોગોમાં આ વતી કોઈ જવાબદારી સ્વીકારતી નથી.
— ગ્રાહકે બેંક દ્વારા લેખિત માંગણી પર તરત જ બેંકને નુકસાન ભરપાઈ કરવાની રહેશે અને ગ્રાહક દ્વારા આ કરારની શર્તોમાંથી કોઈપણ કોઈપણ શર્તના ઉલ્લંઘનના પરિણામે બેંકને થતા નુકસાન, ખર્ચ, દાવાઓ અથવા માંગણીઓ અથવા હાનિ માટે બેંકને નુકસાન ભરપાઈ કરવાનું રહેશે.
— ઈન્ટરનેટ બેન્કિંગ ટ્રાન્ઝેક્શનના સંબંધમાં ગ્રાહકને ઈન્ટરનેટ બેન્કિંગ ફ્રોડ ઇન્શ્યોરન્સ પ્રદાન કરતી બેન્કની વધારાની સેવા અહીં દર્શાવેલ નિયમો અને શરતોને આધીન છે:-
    — બેંક તેના પોતાના ખર્ચે ભૌગોલિક મર્યાદામાં ઈન્ટરનેટ બેંકિંગ ટ્રાન્ઝેક્શન માટે વીમો લેશે અને નિયમો અને શરતોને આધીન અને ખાસ કરીને પોલિસીમાં દર્શાવેલ મર્યાદાને આધીન રહેશે.
    — ગ્રાહકે તેના ખાતા પરના ઈન્ટરનેટ બેંકિંગ દ્વારા કરવામાં આવતા કોઈપણ કપટપૂર્ણ ટ્રાન્ઝેક્શનની જાણ, તરત જ તેના શહેરમાં 24 કલાક ફોન બેંકિંગ નંબર પર ફોન કરીને બેંકને કરવાની રહેશે. વધુ દુરુપયોગને રોકવા માટે બેંક ગ્રાહકના યુઝર આઈડીને તરત જ નિષ્ક્રિય કરી દેશે.
    — ગ્રાહક પાસવર્ડ(ઓ)ની સુરક્ષા માટે જવાબદાર છે અને તેની સલામતી સુનિશ્ચિત કરવા માટે અહીં દર્શાવેલ તમામ પગલાંઓ લેશે. જો પાસવર્ડ સાથે ચેડાં કરવામાં આવ્યા હોય, તો ગ્રાહકે સ્થાનિક પોલીસ સ્ટેશનમાં પ્રથમ માહિતી અહેવાલ ("એફઆઇઆર") ફાઇલ કરવી પડશે અને તેની એક નકલ બેંકને તેના વિશે જાણ કરતા કવરિંગ લેટર સાથે તરત જ સ્થાનિક બેંક શાખાને મોકલવી પડશે.
    — ત્યારબાદ ગ્રાહકે નીચેના દસ્તાવેજો બેંકને મોકલવાના રહેશે:-
        — પોલીસ અધિકારી દ્વારા યોગ્ય રીતે સ્વીકારવામાં આવેલ એફઆઈઆર રિપોર્ટ;
        — ખોટા/ છેતરપિંડીવાળા ટ્રાન્ઝેક્શનની વિગતો આપતો પત્ર.
        — બેંક દ્વારા માંગવામાં આવેલ અને બેંકના સંતોષ મુજબ અન્ય તમામ દસ્તાવેજો.

— પ્રતિ ટ્રાન્ઝેક્શન જવાબદારી, ખાતા દીઠ વધુમાં વધુ રૂ. 2,00,000/- સુધી મર્યાદિત રહેશે.
— જરૂરી દસ્તાવેજો સાથે કોઈપણ સીધી નાણાકીય ખોટ ("નુકસાન") ની ગ્રાહક તરફથી સુચનવા મળવા પર, બેંક આવા કપટપૂર્ણ ટ્રાન્ઝેક્શન(ઓ)ના સંબંધમાં તેની પોતાની રીતે તપાસ કરવા માટે અધિકૃત છે. જો આવી તપાસમાં ગ્રાહકના તેના પરિવારના સભ્યો/ સંબંધીઓ અથવા તેના કર્મચારીઓની પ્રત્યક્ષ કે પરોક્ષ સંડોવણી મળી આવે, તો બેંક ગ્રાહકને આવી નીતિનો લાભ આપવાનો ઇનકાર કરવા ઉપરાંત ગ્રાહક સામે યોગ્ય પગલાં

લેવા માટે અધિકૃત છે. પ્રોવિઝનલ ક્રેડિટ તપાસ પછી જ નિર્ધારિત થશે. બેંકની તપાસના તારણો, ગ્રાહક માટે અંતિમ અને બંધનકર્તા રહેશે.

— ગ્રાહક ત્યાં સુધી ખાતું બંધ કરી શકતો નથી જ્યાં સુધી બેંક દ્વારા ઉપરોક્ત ખાતા માટે રોકાયેલ રકમ છૂટી કરવામાં ન આવે.

— આથી સ્પષ્ટ કરવામાં આવે છે કે ગ્રાહકને આ ઈન્ટરનેટ બેન્કિંગ ફ્રોડ ઈન્સ્યોરન્સનો લાભ ત્યારે જ મળશે જયારે:-

  — ટ્રાન્ઝેક્શન એકાઉન્ટ સારી સ્થિતિમાં છે

  — છેલ્લા 12 મહિનામાં, આવા નુકસાનની સૂચના આપતા પહેલા બે કરતાં વધુ અનધિકૃત ઘટનાઓ બની નથી, અને

  — ગ્રાહક બતાવે છે કે તેણે ઈન્ટરનેટ બેન્કિંગ પાસવર્ડ(પાસવર્ડ્સ)ની સુરક્ષામાં બેદરકારી દાખવી ન હતી.

— ઈન્ટરનેટ બેન્કિંગ ફ્રોડ ઈન્સ્યોરન્સ પોલિસી હેઠળ બેન્કની જવાબદારી, અહીં કલમ 8 માં દર્શાવ્યા મુજબ સામાન્ય બાકાતને આધીન રહેશે અને ગ્રાહક, કલમ 8 માં જણાવ્યા કારણોમાંથી કોઈપણ કારણે નુકસાન થયું હોય, તો ઈન્ટરનેટ બેન્કિંગ લોસ પોલિસી હેઠળ કોઈપણ લાભ મેળવવા માટે હકદાર રહેશે નહીં.

## ટ્રાન્ઝેક્શનનું પ્રોસેસિંગ

— ગ્રાહક સ્વીકારે છે કે જો ખાતામાં પૂરતી રકમ ઉપલબ્ધ હોય તો જ બેંક ઈન્ટરનેટ બેંકિંગ સેવાઓ દ્વારા ટ્રાન્ઝેક્શનનું પ્રોસેસિંગ કરશે. જો ગ્રાહકના ખાતામાં પૂરતી રકમ ન હોય, તો બેંક આવા ટ્રાન્ઝેક્શન અથવા સૂચનાને નકારી શકે છે.

— ઈન્ટરનેટ બેન્કિંગ સેવાઓ દ્વારા ટ્રાન્ઝેક્શનને પ્રોસેસ કરવા માટે લાગતો સમય મેન્યુઅલી કે ઈલેક્ટ્રોનિક રીતે પ્રોસેસ કરવામાં આવે છે કે કેમ અને/ અથવા તેને તાત્કાલિક અપડેટ કરી શકાય છે કે કેમ કે વ્યવસાયના કલાકો પૂરા થયા પછી પ્રોસેસ કરવામાં આવે છે કે કેમ, તેના આધારે બદલાઈ શકે છે. ચુકવણી રોકવાની સૂચનાઓ અને અન્ય તાકીદની/ મહત્વપૂર્ણ વિનંતીઓ માટે, ગ્રાહકે બેંક સાથે ફોલોઅપ કરવું જોઈએ અને ખાતરી કરવી જોઈએ કે તે બેંક દ્વારા ભૌતિક રીતે રેકોર્ડ કરવામાં આવે છે/ હાથ ધરવામાં આવે છે. બેંકના વાજબી નિયંત્રણની બહારના સંજોગોને કારણે આમાંથી કોઈપણ ચૂકવણી કરવા માટે અથવા મોડી ચૂકવણી કરવા માટે બેંક જવાબદાર રહેશે નહીં.

— એકવાર ગ્રાહકે ઈન્ટરનેટ બેન્કિંગ સેવાઓ દ્વારા સૂચના આપી દીધા પછી, ગ્રાહક તેને ઉલટાવી શકશે નહીં. ગ્રાહક દ્વારા આપવામાં આવેલ કોઈપણ સૂચનાને ઉલટાવી દેવાની અથવા શરતી અથવા ઉલટાવી શકાય તેવી સૂચના સ્વીકારવાની અથવા જેના માટે બેંકે સામાન્ય બેંકિંગ પ્રથાઓને અનુસરીને બેંક દ્વારા તૃતીય પક્ષને સામાન્ય કરતા વહેલી ચૂકવણી કરવાની જરૂર હોય, તો બેંકની કોઈ જવાબદારી નથી. બેંક તેની વિવેકબુદ્ધિથી ગ્રાહકને ખર્ચે બેંકિંગ સિસ્ટમના નિયમો અને પ્રથાઓ હેઠળ શક્ય હોય તેટલી હદે રિવર્સ એન્ટ્રી કરવાનો પ્રયાસ કરી શકે છે.

— ગ્રાહક આથી પુષ્ટિ કરે છે અને સ્વીકારે છે કે નાણાંના ઇલેક્ટ્રોનિક ટ્રાન્સફર દ્વારા ચૂકવણી, આવકવેરા અધિનિયમ, 1961 ની કલમ 40એ (3) ને આધીન છે.

— ઈન્ટરનેટ બેન્કિંગ સેવાઓ દ્વારા ઉપલબ્ધ નાણાકીય માહિતી માત્ર સંદર્ભ હેતુ માટે છે. આ સેવા દ્વારા ઉપલબ્ધ ખાતાની માહિતી બેંકના હાથમાં હોઈ શકે પરંતુ જેને પ્રોસેસ કરવામાં આવ્યા નથી અથવા જેની ચુકવણી માટે હજુ પણ ચકાસણી કરવી પડશે, તેવા ટ્રાન્ઝેક્શનને પ્રતિબિંબિત કરશે નહીં.

— ગ્રાહક અથવા તૃતીય પક્ષ દ્વારા કોઈપણ કારણથી અથવા આવી કોઈપણ નાણાકીય માહિતીના પરિણામે થયેલા કોઈપણ નુકસાન અથવા હાનિ માટે બેંક જવાબદાર રહેશે નહીં.

## સોફ્ટવેર અને હાર્ડવેર

ગ્રાહકે, બેંકની સિસ્ટમ સાથે સુસંગત હોય તેવી સેવાઓનો લાભ લેવા અને ઉપયોગ કરવા માટે, સમય-સમય પર, લાગુ પડતા તમામ સોફ્ટવેર અને કોમ્પ્યુટર અને કોમ્યુનિકેશન સિસ્ટમ તેના ખર્ચે પ્રાપ્ત કરવી, જાળવણી કરવી અને અપડેટ/ અપગ્રેડ કરવી પડશે. બેંક સમયાંતરે તેના સોફ્ટવેર, હાર્ડવેર, ઓપરેટિંગ સિસ્ટમ્સ વગેરેમાં ફેરફાર કરવા, બદલવા અથવા અપગ્રેડ કરી શકશે અને ગ્રાહકના સોફ્ટવેર, હાર્ડવેર, ઓપરેટિંગ સિસ્ટમ સમર્થન આપવાની કોઈ જવાબદારી હેઠળ રહેશે નહીં અને આ સંપૂર્ણપણે ગ્રાહકની એકમાત્ર જવાબદારી હશે.

## મર્યાદા

બેંક, તેના એકમાત્ર વિકલ્પ પર, ગ્રાહક દ્વારા ઇન્ટરનેટ અથવા અન્યથા કરવામાં આવતા કોઈપણ વ્યવહાર માટે લઘુત્તમ અને મહત્તમ મર્યાદા સેટ અને રીસેટ કરશે અને આવી કોઈપણ મર્યાદા ખાતામાં પર્યાપ્ત બેલેન્સની ઉપલબ્ધતાને આધીન રહેશે. આવી મર્યાદાઓ બેંક દ્વારા સમયાંતરે નિર્ધારિત કરાયેલા પરિમાણો પર આધારિત હોઈ શકે છે.

## બૌદ્ધિક મિલકત

ગ્રાહક સ્વીકારે છે અને સંમત થાય છે કે કોઈપણ સેવાઓ હેઠળના સોફ્ટવેરમાંના તમામ બૌદ્ધિક સંપદા અધિકારો તેમજ અન્ય સોફ્ટવેર, જે એકાઉન્ટ એક્સેસિંગ ઈન્ટરનેટ બેંકિંગ સેવાઓનો લાભ લેવા માટે જરૂરી છે, તે બેંક અથવા સંબંધિત વિક્રેતાઓની કાનૂની મિલકત છે. બેંક દ્વારા ખાતાઓનું એક્સેસ કરવા અને ઈન્ટરનેટ બેંકિંગ સેવાઓનો ઉપયોગ કરવા માટે આપવામાં આવેલી પરવાનગી, સોફ્ટવેરની બૌદ્ધિક સંપદામાં કોઈપણ માલિકી અથવા માલિકી હકોને તબદીલ કરશે નહીં. ગ્રાહક ઉપરોક્ત સોફ્ટવેરને મોડીફાય, ટ્રાન્સલેટ, ડિસએસેમ્બલ, ડી-કમ્પાઇલ અથવા રિવર્સ એન્જિનિયર કરવાનો પ્રયાસ કરશે નહીં અથવા સોફ્ટવેરના સોર્સ કોડની નકલ કરશે નહીં અથવા સોફ્ટવેર પર આધારિત કોઈપણ વ્યુત્પન્ન ઉત્પાદન બનાવશે નહીં.

## ખર્ચ

ઈન્ટરનેટ બેંકિંગ સેવાઓ પર લાગુ થતી તમામ ફી, ખર્ચ, દંડ અથવા શુલ્ક ગ્રાહકે ભરવાની રહેશે અને ગ્રાહક, આથી બેંકને તેને ગ્રાહકના ખાતા(ઓ)માં આ રકમ સીધી ડેબિટ કરવા માટે અધિકૃત કરે છે.

## લાગુ/ સંચાલિત કાયદો

આ શરતો, ભારતના કાયદાઓ અને RBI દ્વારા સમયાંતરે જારી કરવામાં આવતી માર્ગદર્શિકાને આધીન હશે અને તેના હેઠળ સંચાલિત થશે. બેંક, ભારત સિવાયના કોઈપણ દેશના કાયદાઓનું પાલન ન કરવા માટે પ્રત્યક્ષ કે પરોક્ષ કોઈપણ પ્રકારની જવાબદારી સ્વીકારતી નથી. માત્ર એ હકીકત કે ઈન્ટરનેટ બેંકિંગ સેવાઓ ભારત સિવાયના કોઈપણ દેશમાં એક્સેસ કરી શકાય છે, તેનો અર્થ એ નહીં થાય તે દેશના કાયદા આ શરતો અને/અથવા ગ્રાહકના ખાતાઓની

કામગીરીને નિયંત્રિત કરે છે. તે કોર્ટ/ ટ્રિબ્યુનલ કે જેના અધિકારક્ષેત્રમાં બેંકની બ્રાન્ચ ઓફિસમાં ગ્રાહકનું ખાતું છે, તે આ શરતોમાંથી ઉદ્ભવતા તમામ બાબતો પર વિશિષ્ટ અધિકારક્ષેત્ર ધરાવે છે.

## અસ્વીકરણ

ડોઇશ બેંકની ગોપનીયતા નીતિ જોવા માટે અહીં ક્લિક કરો.